# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-03-2024** **Morning : 7.10 to 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર રિદ્ધિ ઉંધાડ વાંચે છે.

---

- **કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા આગામી લોકસભા ચૂંટણીની જાહેરાત – 19 એપ્રિલથી એક જૂન દરમિયાન સાત તબક્કામાં મતદાન યોજાશે - ચોથી જૂને મતગણતરી થશે.**
- રાજ્યમાં સાતમી મેના એક જ તબક્કામાં મતદાન યોજાશે.
- લોકસભા ચૂંટણીમાં રાજયના 4.94 કરોડ મતદાતા મતદાન કરશે. – 11 લાખથી વધુ મતદારો પ્રથમવાર મતદાન કરશે.
- **રાજ્યમાં ખાલી પડેલી 5 વિધાનસભા બેઠકો માટે પેટાચૂંટણીની જાહેરાત 7મી મે ના રોજ મતદાન થશે**
- **રાજયની વૈદેહી ચૌધરી અને શ્રીવલ્લી ભામીદિપ્તીની જોડીએ ઓપન વુમન ટેનિસ ટુર્નામેન્ટમાં ખિતાબ જીત્યો છે.**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# ECI--LOK-SABHA-POLLS - GUJARAT

કેન્દ્રીય ચૂંટણી પંચે આગામી લોકસભા ચૂંટણી માટેનો કાર્યક્રમ જાહેર કર્યો છે. દેશભરમાં 19 એપ્રિલથી 1 જૂન દરમિયાન કુલ સાત તબક્કામાં મતદાન યોજાશે અને ચોથી જૂને મતગણતરી હાથ ધરાશે. ગુજરાત રાજ્યની બધી જ 26 બેઠકો માટે એક જ તબક્કામાં 7મી મેના રોજ મતદાન યોજાશે.

રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતી પી.ભારતીએ પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું કે રાજયમાં ત્રીજા તબક્કામાં યોજાનાર મતદાન માટે રાજ્યમાં મતદારોની સંખ્યા કુલ 4 કરોડ 94 લાખ 49 હજાર 469 મતદારો નોંધાયેલા છે. જેમાં 18થી 19 વર્ષની વયજૂથના 11 લાખ 32 હજાર 880 યુવા મતદારો, જ્યારે 10 હજાર 322 શતાયુ મતદારો નોંધાયા છે. શ્રીમતી ભારતીએ વધુ વિગતો આપતા જણાવ્યુ કે

(બાઇટ- પી. ભારતી રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી)

રાજ્યમાં 182 આદર્શ મતદાન મથકો બનાવવામાં આવશે. માત્ર મહિલાઓ દ્વારા સંચાલિત એક હજાર 274 સખી મતદાન મથક બનાવાશે. જ્યારે 182 દિવ્યાંગ સંચાલિત મતદાન મથક હશે. મતદાનના દિવસે રાજ્યના 25 હજાર જેટલા મતદાન મથકો ઉપર લાઇવ વેબકાસ્ટીંગ કરાશે. તમામ મતદાન મથકો ઉપર E.V.M. સાથે V.V.P.T.નો ઉપયોગ કરવામાં આવશે.

શ્રીમતી ભારતીએ જણાવ્યું હતું કે, આદર્શ આચારસંહિતાના ભંગ અંગેની ફરીયાદ હવે ઓનલાઈન અને રીયલ ટાઈમમાં થઈ શકશે. ભારતના ચૂંટણી પંચ દ્વારા તૈયાર કરાયેલ c-VIGIL એપ્ મારફતે કોઈપણ અરજદાર કોઈપણ સ્થળેથી આ અંગેની ફરીયાદ કરી શકશે. ચૂંટણી ખર્ચ પર દેખરેખ અને નિયંત્રણ રાખવા માટે તમામ જિલ્લાઓમાં 756 ફ્લાઈંગ સ્કોડ, 206 એકાઉન્ટીંગ

ટીમ, 251 વિડીયો વ્યૂઈંગ ટીમ, 480 વિડીયો સર્વેલન્સ ટીમ કાર્યરત કરવામાં આવી છે.

અમારા સંવાદદાતા અપર્ણા ખૂંટ જણાવે છે કે વિધાનસભા ચૂંટણીમાં 80 વર્ષથી વધુ વય ધરાવતા વરિષ્ઠ મતદારો તેમના નિવાસસ્થાને મતદાન કરી શકે તેવી જોગવાઈ હતી. પરંતુ ચૂંટણી પંચે આ જોગવાઈમાં સુધારો કરી 80 વર્ષ થી વધુ ઉંમરને બદલે 85 વર્ષ થી વધુ  કરેલ છે, તથા 40 ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગજનોને હોમ વોટિંગની સુવિધા આપવામાં આવશે.

....................................

રીપીટ

# Vidhansabha - Petachuntani

કેન્દ્રીય ચૂંટણીપંચે લોકસભા ચૂંટણીની તારીખો સાથે સાથે ગુજરાતની પોરબંદર, માણાવદર, વીજાપુર, ખંભાત અને વાઘોડીયામાં ખાલી પડેલી વિધાનસભા બેઠકોની પેટાચૂટંણી પણ જાહેર કરી છે. જ્યારે વિસાવદર બેઠક ઉપર અદાલતની કાર્યવાહી ચાલતી હોવાથી પેટાચૂંટણી જાહેર કરાઇ નથી.

પેટાચૂટંણી માટે મતદાન પણ 7મી મેના રોજ યોજાશે. જ્યારે 4 જૂને મતગણતરી હાથ ધરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે અપક્ષ ઉમેદવાર ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ વાઘોડિયા બેઠક પરથી, કોંગ્રેસ ઉમેદવાર અરવિંદ લાડાણીએ માણાવદર બેઠક પરથી, કોંગ્રેસ ઉમેદવાર ચિરાગ પટેલે ખંભાત બેઠક પરથી, કોંગ્રેસ ઉમેદવાર સી.જે.ચાવડાએ વિજાપુર બેઠક ઉપરથી, જ્યારે કોંગ્રેસ ઉમેદવાર અર્જુન મોઢવાડિયાએ પોરબંદર બેઠક ઉપરથી રાજીનામુ આપતા ખાલી પડેલી બેઠકો ઉપર પેટાચૂંટણી યોજવામાં આવી રહી છે.

-------------------

રીપીટ

# Lok Sabha elections-1

લોકસભાની ચૂંટણીની તારીખો જાહેર થતાં જ રાજ્યભરમાં આદર્શ આચારસંહિતા લાગુ કરી દેવામાં આવી છે.

જે અંતર્ગત પંચમહાલ જિલ્લામાં ચૂંટણી અધિકારી આશિષ કુમારની અધ્યક્ષતામાં લોકસભાની ચૂંટણીની તૈયારી અને આયોજન અંગે પત્રકાર પરિષદ યોજી ચૂંટણીલક્ષી કામગીરીની માહિતી આપી હતી.

જેમાં જિલ્લા ચુંટણી અધિકારીએ આચારસહિંતાના અમલીકરણ માટે સરકારી યોજનાઓના જાહેર સ્થળો અને સરકારી કચેરીઓમાંથી હોર્ડિંગ્સ, બેનર ભીંતચિત્રો ત્વરિત ધોરણે દુર કરવા અંગેની કાર્યવાહી કરવા જણાવ્યું હતું.

ગીર સોમનાથ જિલ્લામાં ચૂંટણી અધિકારી ડી.ડી.જાડેજાની અધ્યક્ષતામાં ચૂંટણીની તૈયારીઓ અને આચારસંહિતાના અમલ અંગે પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું.

કલેકટર દ્વારા નાગરિકો આગળ આવીને વધુમાં વધુ મતદાન કરે તે માટેની અપીલ કરવામાં આવી છે. આ સાથે જ જિલ્લામાં વધુમાં વધુ મતદાન થાય તે માટે તંત્ર દ્વારા કરવામાં આવેલા મતદાન જાગૃતિ સહિતના પ્રયત્નોની માહિતી આપી હતી.

લોકસભા ચૂંટણીને લઈને ભાવનગર કલેક્ટર આર. કે. મહેતાએ કલેક્ટર કચેરી ખાતે પત્રકાર પરિષદ યોજી લોકસભા ચૂંટણી તથા આચારસંહિતા વિશે માહિતી આપી હતી. વધુમાં તેમણે નાગરીકોની સુવિધા માટે હેલ્પલાઈન નંબર પણ જાહેર કર્યા છે.

# Lok Sabha elections-2

ખેડા જીલ્લા કલેકટર અને ચૂંટણી અધિકારી અમિત પ્રકાશ યાદવે લોકસભાની ચૂંટણીની તૈયારી અને આયોજન અંગે પત્રકાર પરિષદ યોજી ચૂંટણીલક્ષી કામગીરીની માહિતી આપી હતી.

પાટણ જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર અરવિંદ વિજયનના અધ્યક્ષસ્થાને ચૂંટણીની તૈયારીઓ અને આચારસંહિતાના અમલ અંગે પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતુ.

જેમાં ચૂંટણીલક્ષી વિગતો આપતા કલેકટરે જણાવ્યું હતું કે, પાટણ જિલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થાય અને મતદારો નિર્ભયતાથી પોતાના મતાધિકારનો  વિવેકપૂર્ણ ઉપયોગ કરી શકે તેવી વ્યવસ્થા ઉભી કરવા જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા તમામ તૈયારી કરી દેવામાં આવી છે.

લોકસભાની સામાન્ય ચૂંટણીની જાહેરાત થતાં આણંદ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પ્રવીણ ચૌધરીએ ચૂંટણીની વિગતો અંગે બેઠક યોજી હતી. અને જણાવ્યું હતું કે આણંદ જિલ્લાની લોકસભા બેઠકની ચૂંટણી માટે જિલ્લામાં કુલ ૧ હજાર ૭૭૩ મતદાન મથકો ઉભા કરવામાં આવશે.

રાજકોટ જિલ્લામાં પણ કલેકટર પ્રભવ જોષીના અધ્યક્ષસ્થાને લોકસભાની ચૂંટણીની તૈયારીઓ અને આયોજન અંગે પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું.

લોકસભા ચૂંટણીને લઇને અમરેલી જીલ્લા કલેકટર અજય દહિયાએ પત્રકાર પરિષદ યોજી લોકસભા ચૂંટણી તથા આચાર સંહિતા અંગે માહિતી આપી હતી.

---------------------------------------------------------------------

- પંચમહાલ, ગીર સોમનાથ, ભાવનગર, ખેડા, પાટણ, આણંદ, રાજકોટ, અમરેલી - પીટીસી - રિધ્ધિ  -(નવીન)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો..

.......................................

# Ahmedabad Collector

અમદાવાદ કલેક્ટર દ્વારા ચૂંટણી માટે એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. આ વખતે યુવા, મહિલાઓ અને દિવ્યાંગ કર્મચારીઓને ખાસ મતદાન મથકની જવાબદારી સોંપવામાં આવી છે.

CVIGIL એપ્લિકેશન મારફતે કોઈપણ વ્યક્તિ ચૂંટણીને લગતી ફરિયાદ કરી શકશે, જેનું 100 મિનિટમાં જ નિવારણ લાવવામાં આવશે. 85 વર્ષથી વધુ વયના મતદારો અને 40 ટકા વિકલાંગ મતદારો ઘરે બેઠા મતદાન કરી શકશે.

અમદાવાદમાં 60 લાખથી વધુ મતદારો મતદાન કરશે. જેમાં 31 લાખથી વધુ પુરુષ મતદારો અને 29 લાખથી વધુ મહિલા મતદારો છે. 239 ટ્રાન્સજેન્ડર મતદારો છે. 18-19વર્ષની વયજૂથના 1 લાખથી વધુ મતદારો છે. 20થી 29 વર્ષની વયના 10 લાખથી વધુ મતદારો છે. 85થી વધુ વયના 45 હજાર મતદારો છે. 100થી વધુ વયના 1 હજારથી વધુ મતદારો છે. 30 હજારથી વધુ દિવ્યાંગ મતદારો છે. શહેરી વિસ્તારમાં 4 હજાર 258 મતદાન મથકો છે જ્યારે ગ્રામ્યમાં 1 હજાર 174 મતદાન મથકો ઊભા કરવામાં આવશે.

---

-પીટીસી, અમદાવાદ – પીટીસી –રિદ્ધિ -(નવીન)

# DAKOR VEHICLE BAN

ડાકોર રણછોડજી મંદિર ખાતે આગામી 21થી 26 દરમિયાન હોળી – ધૂળેટીના તહેવાર નિમિત્તે ધાર્મિક લોકમેળો યોજાશે.

આ મેળામાં અમદાવાદ, ખેડા, આણંદ, પંચમહાલ તેમજ વડોદરા જિલ્લામાંથી મોટી સંખ્યામાં યાત્રાળુઓ પગપાળા દર્શને જાય છે. આ દરમિયાન વાહનોની અવરજવરના કારણે અકસ્માત કે જાનહાનિ થવાની સંભાવનાને પગલે આણંદના અધિક જિલ્લા ક્લેક્ટરે તા. 21 થી 26 દરમિયાન ડાકોર જતાં માર્ગો પર મોટા વાહનો માટે પ્રતિબંધ મૂક્યો છે. આ માર્ગો પરથી પસાર થતાં મોટા વાહનચાલકોએ વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવાનો રહેશે.

---

- ડેસ્ક, નીકિતા શાહ, મયુર

# Tennis

રાજયની વૈદેહી ચૌધરી અને શ્રીવલ્લી ભામીદિપ્તીની જોડીએ ઓપન વુમન ટેનિસ ટુર્નામેન્ટમાં ખિતાબ જીત્યો છે.

ઇન્દોર ખાતે યોજાયેલી IIF વર્લ્ડ વુમન ઓપન ટેનિસ ટુર્નામેન્ટમાં વૈદેહી – શ્રીવલ્લીની જોડી સેમીફાઇનલમાં ઝીલ અને સહાજાની ભારતીય જોડીને 6 – 1, 7 – 6 થી હરાવી ફાઇનલમાં પ્રવેશી હતી.

ગઇકાલે રમાયેલી ફાઇનલમાં વૈદેહી – શ્રીવલ્લીની જોડી તાઇપે – કોરીયાની જોડીને 6 -3, 7- 5 થી હરાવી ચેમ્પીયન બની છે.

---------------------------------------------------------------------

-એજન્સી, નીકીતા -(નવીન)

# JEEmain Exam

ઈજનેરી કોલેજમાં પ્રવેશ માટેની JEE મેઈનના બીજા તબક્કા પરિક્ષા એપ્રિલમાં યોજાશે.

ઉલ્લેખનીયે છે કે, JEE મેઈન સેશનના બીજા તબક્કાની પરિક્ષા માટે 12 લાખ જેટલાં વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી છે. આ પરિક્ષાના પ્રવેશપત્ર અંગે ટૂંકસમયમાં વેબસાઈટ પર માહિતી જાહેર કરાશે. પરિક્ષાલક્ષી અન્ય માહિતી વિદ્યાર્થીઓ jeemain.nta.ac.in પરથી મેળવી શકશે.

---------------------------------------------------------------------

- ડેસ્ક, નીકિતા શાહ, મયુર

# VALSAD-WATER MITER

વલસાડ જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની માસિક બેઠક જિલ્લા કલેકટર આયુષ ઓકના અધ્યક્ષસ્થાને યોજાઈ. જેમાં કુલ ૩ પ્રશ્નોના ૧૪ પેટા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી. તાલુકાની નહેરોના રિપેરિંગ, નહેરોમાં પાણી રોટેશન, તળાવોમાં પાણી ભરી આપવાના આયોજન અને વલસાડના હરિયા ગામમાં પાકી નહેરના કામ અંગે પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. જે અંગે જીલ્લા કલેક્ટરે પાણીનો વ્યય અટકાવવા પાણી વહેચણી વિભાગોને વોટર મીટરો લગાવવા સૂચના આપી છે.

------------

PTC-VALSAD-NAVIN PATEL, SANSKRUTI, SONAL